[5 & A-22] Seat No.: ________ No of Printed Pages 4

# SARDAR PATEL UNIVERSITY

**BA (III Semester) Examination**
**Saturday, 26TH November 2016**
**10.00 am to 1.00 pm**
**UA03IALG03 : Analytical Literature (Gujarati)**
**વિવેચનાત્મક ગુજરાતી સાહિત્ય ભાગ–૧**

**કુલ ગુણ : ૭૦**

નોંધ : જમણી બાજુના અંક ગુણ દર્શાવે છે.

પ્ર. ૧ નીચેનામાંથી કોઈપણ બે નો અર્થવિસ્તાર કરો. (૨૦)

(૧) મનુષ્ય પોતાની દ્રષ્ટિ છોડી બીજાની દ્રષ્ટિથી જુએ તો અરધું જગત શાંત થઈ જાય.

(૨) જે પોષતું તે મારતું , શું એ નથી ક્રમ કુદરતી ?

(૩) હણોના પાપીને દ્વિગુણ બનશે પાપ જગનાં,
લડો પાપો સામે વિમળ દિલના ગુપ્ત બળથી.

(૪) જનનીની જોડ, સખી ! નહિ જડે રે લોલ.

પ્ર. ૨ નીચેના ગદ્યખંડનું સારાંશ લેખન કરો. (૧૫)

મનુષ્યમાત્રની પ્રવૃત્તિનું પ્રેરકબળ આનંદ છે. આપણે ખાવું, પીવું, પહેરવું, ઓઢવું, હસવું, રમવું, ગાવું, બજાવવું જે કોઈ પ્રવૃત્તિ કરતાં હોઈએ છીએ તે આનંદને ખાતર જ કરતાં હોઈએ છીએ. અથવા એમ પણ કહેવું હોય તો કહી શકાય કે આનંદ થતો હોય ત્યાં સુધી જ આપણે એ પ્રવૃત્તિઓ રાજીખુશીથી કરતાં હોઈએ છીએ. આનંદ મળતો અટકયો એટલે એ પ્રવૃત્તિમાંથી રસ ઊડી જાય છે.

મનુષ્યની પ્રવૃત્તિનું પ્રેરક બળ આનંદ છે એ વાત ખરી ! પણ બધા આનંદો એક સરખા જ નથી હોતા. સારું ખાવાપીવાથી કે સારું પહેરવા–ઓઢવાથી પણ આપણને આનંદ થતો હોય છે, અને સારું કાવ્ય વાંચવાથી કે સારું ચિત્ર જોવાથી પણ આપણને આનંદ થતો હોય છે. પણ આ બન્ને આનંદો એકસરખા જ છે એમ કહી શકાય નહિ. ખાવા–પીવા કે પહેરવા–ઓઢવાના આનંદની સાથોસાથ અસંતોષ રહ્યા કરતો હોય છે – એ આનંદો વધારે ભોગવી શકાયા હોત તો સારું એવું થયા કરતું હોય છે. ત્યારે સારું કાવ્ય વાંચ્યા પછી કે ચિત્ર જોયા પછી– એટલે કે કલાકૃતિનો રસાસ્વાદ લીધા પછી – એવો અસંતોષ રહેતો નથી. સાચી કલાકૃતિનો રસાસ્વાદ લીધા પછી 'વાહ ! બહુ મઝા પડી!' એવો ભાવ હૃદયને થાય છે અને મન જાણે છલોછલ ભરાઈ જાય છે. અને તેથી જ આપણે કહી શકીએ કે કાવ્ય દ્વારા કે કલા દ્વારા મળતો આનંદ ઊંચામાં ઊંચો, સાચામાં સાચો અને શુદ્ધમાં શુદ્ધ પ્રકારનો હોય છે.

અથવા



PTO

પ્ર. ૨  નીચેના ગદ્યખંડનું સારાંશ લેખન કરો. (૧૫)

આપણે ધારીએ છીએ એટલો સમાજ મૂર્ખ નથી હોતો. કેટલાક વિદ્યાર્થીઓ પણ સારાસારનો વિવેક કરી શકતા હોય છે. વંધ્ય અને નિરર્થક પ્રવૃત્તિને ઝાઝો સમય છાબડે ઢાંકી રખાતી નથી. આના પડઘા પડતા જ હોય છે ને સમય આવતો જ હોય છે. આપણી બેજવાબદારીઓ સામે ઉહાપોહ નહીં જ થાય એમ માનવાને કારણ નથી. સમાજ પરિણામો જોતો હોય છે ને સત્તાવાહકોને એની અવગણના કરવાનું હંમેશાં પાલવતું નથી. બેંક કર્મચારીઓના છેલ્લાં બે–ત્રણ વર્ષના અનુભવને આપણે ભૂલી ના જઈએ એ આપણાય હિતમાં છે. આપણી નિષ્ક્રિયતાથી કોઈનેય અન્યાય ન થાય એટલું જોઈએ, ને એટલી તો જાગૃતિ દાખવીએ એવો સમયનો પોકાર છે.

દેશના નાગરિક તરીકેનાં કર્તવ્યોની વાતમાં આદર્શની ગંધ આવતી હોય તો એ વાત જવા દઈએ, પણ જે ક્ષેત્રમાં આપણા કામ માટે આપણને નીમ્યા હોય એ કાર્યને ભૂલી ના જઈએ તોય બસ. શિક્ષણ સાથે સંકળાયેલા તમામ એકમોને આ વાત લાગુ પડે છે. શિક્ષકનું કામ અને સાચી કેળવણીની અનિવાર્યતાને વ્યાપક સંદર્ભમાં જોઈને જ્યાં જ્યાં અનાચાર હોય ત્યાં ત્યાં આપણે જાગૃત રહીને પ્રહરી બનવાનું સ્વીકારવું પડશે.

પ્ર. ૩  નીચેના કાવ્યનો રસાસ્વાદ કરાવો. (૨૦)

બેડાને ઝાઝું અજવાળ ના !
જોનારો જોશે લી કંચનની કાયાને,
પિત્તળમાં જીવ તું લગાડના.
લજ્જાના લાલ લાલ ગરુએ ઝળકતું
હોઠોના ખૂણાનું સ્મિત,
નજરો ટકરાય તોય કંપી શી ઊઠતી,
રોમ રોમ રણકંતી પ્રીત !
તારી બે આંખોમાં ઝૂકે પ્રભાત,
હવે બેડામાં સૂરજ બતાડ ના.
પલકારે પલકારે છલકતું જાય રૂપ,
વાયરો ય એમાં ભીંજાય,
પગલું તું માંડે ને આસપાસ
લાખ લાખ રંગધનું રમતાં રે થાય,
પીનારો પીશે' લી, હૈયાનાં નીરને,
બેડાનો ભાર તું ઉપાડ ના.

– ચંદ્રકાન્ત શેઠ



PTO

અથવા

પ્ર. ૩ નીચેના કાવ્યનો રસાસ્વાદ કરાવો. (૨૦)

આપણે ભરોસે આપણે હાલીએ,
હો ભેરુ મારા, આપણે ભરોસે આપણે હાલીએ.
એક મહેનતના હાથને ઝાલીએ,
હો ભેરુ મારા, આપણે ભરોસે આપણે હાલીએ.
ખુદનો ભરોસો જેને હોય નહીં રે તેનો
ખુદાનો ભરોસો નકામ;
છો ને એ એકતારે ગાઈ ગાઈને કહે,
'તારે ભરોસે, રામ !'
એ તો ખોટું રે ખોટું પીછાણીએ, હો ભેરુ.
બળને બાહુમાં ભરી, હૈયામાં હામ ધરી,
સાગર મોઝારે ઝુકાવીએ;
આપણા વહાણનાં સઢ ને સુકાનને
આપણે જ હાથે સંભાળીએ, હો ભેરુ.
કોણ રે ડુબાડે વળી કોણ રે ઉગારે,
કોણ લઈ જાય સામે પાર :
એનો કરવૈયો કો આપણી બહાર નહીં.
આપણે જ આપણે છઈએ; હો ભેરુ.

–પ્રહ્લાદ પારેખ

પ્ર. ૪ નીચેના ગદ્યખંડનું વિવરણ કરો. (૧૫)

માનવસ્વભાવ સામાન્ય રીતે સ્વપ્નશીલ છે. એ જેમ હકીકત છે તેમ પોતાની આજ કરતાં આવતી કાલને સુંદર બનાવવાની વૃતિ પણ માનવસ્વભાવમાં રહી છે એ પણ હકીકત છે. પશુ અને મનુષ્ય વચ્ચે જે કેટલાક ભેદ છે એમાંનો એક એ પણ છે કે પશુપક્ષી પોતાને જે મળ્યું હોય છે તેવું જ જગત પોતાનાં સંતાનો માટે મૂકતાં જતાં હોય છે.મનુષ્ય એમ કરતો નથી.એની ઝંખના અને પુરુષાર્થ પોતાના જગતને ઉતરોત્તર વધારે ને વધારે સુખમય બનાવવા માટે હોય છે. મેં અન્યત્ર કહ્યું છે તે પ્રમાણે મનુષ્યની ગૃહ, રાજય, સમાજ,ધર્મ વગેરે બધી જ વ્યવસ્થાઓનું નિર્માણ મનુષ્યની આ વૃત્તિમાંથી થયું છે. મનુષ્ય વ્યવસ્થાતંત્ર ઊભું કરે છે. જતે દહાડે એને લૂણો લાગવા માંડે છે. કેટલીકવાર મનુષ્ય એની મરામત કરીને ચલાવી લેતો હોય છે, કેટલીકવાર પાયાથી જ ફરી ઉપાડતો હોય છે.



PTC

અથવા

પ્ર. ૪ નીચેના ગદ્યખંડનું વિવરણ કરો. (૧૫)

સાહિત્યકાર માણસ છે, નાગરિક છે, પરંતુ તે સાહિત્યકાર પહેલો છે –એ સાહિત્યકારનું ગૌરવ કરતું વિધાન માણસની ઉપેક્ષા કરે છે. સાહિત્યકાર શૂન્યાવકાશમાં રહેતો નથી. તેનું મસ્તક ઊંચું રહે છે. તેની દૃષ્ટિ દૂર દૂરના ભવિષ્યમાં દોડે છે અને તેનું હૃદય વિશ્વની સાથે ધબકે છે. પરંતુ તેનાથી તે જયાં ઊભો હોય છે તે ધરતી સાથેનો તેનો સંબંધ તૂટી જતો નથી. સૌ પ્રથમ માણસ ન હોય તેવો સાહિત્યકાર કેવું સાહિત્ય પીરસશે ? માનવતા અને માનવસ્વાતંત્ર્ય એ આજના યુગનું મોટામાં મોટું મૂલ્ય છે. માનવસ્વાતંત્ર્યથી સાહિત્યકારનું સ્વાતંત્ર્ય ઊંચું શી રીતે હોઈ શકે ? સાહિત્યકાર માણસ છે માટે જ સાહિત્યકાર છે એમ કહેવું વધુ સાચું છે. માનવસ્વાતંત્ર્ય જોખમમાં હોય એ પરિસ્થિતિમાં પોતે માની લીધેલી પોતાની સ્વાયત્તતાની ખુમારીમાં બેસી રહે છે તે સાહિત્યકાર મોટી વંચના કરે છે. પોતાના દેશની વાત કરતાં કવિ પોતાની નજર આગળ ભાવનાનો પ્રદેશ જુએ છે. એ સંવેદનામાં માનવજીવનનાં મૂલ્ય ખોવાઈ જતાં હોય, તો તેના જેવો બીજો સ્વાર્થી કોણ ?

x-x-x-x-x